# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BAOU Education for All

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર, એસ-જી હાઈવે, છારોડી, અમદાવાદ – ૩૮૨૪૮૧

Website: www.baou.edu.in


નં.બીએઓયુ/રજી/વહી/ 21448 /2022 તા.24/09/2022

પ્રતિ,

તંત્રી શ્રી,

-----------------------------

-----------------------------

"Modi@20 Dream Meet Dellvery"- વિષય ઉપર ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં ડૉ. મનસુખભાઈ માંડવીયાનું અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન યોજાયું.

તા. ૨૪/૦૯/૨૦૨૨ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા "Modi@20 Dream Meet Dellvery " પુસ્તક પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આરોગ્ય અને કલ્યાણ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વની સફળ વિકાસયાત્રાની ઉજવણીના ભાગરૂપે "Modi@20 Dream Meet Dellvery" પુસ્તક પર વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન ડૉ. મનસુખભાઈ માંડવિયા, માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી જગદીશ ભાવસાર, ચાંદલોડિયા વોર્ડના કોર્પોરેટર રાજેશ્વરીબેન પંચાલ અને કા. કુલસચિવશ્રી ભાવિન ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયે ડૉ. મનસુખભાઈ માંડવીયાજી તેમજ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ, સ્મૃતિચિહ્નથી અને શાબ્દિક સ્વાગત પણ કર્યું હતું.

"Modi@20 Dream Meet Dellvery" પુસ્તકના વિશે ડૉ. મનસુખભાઈ માંડવીયાએ અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના વિકાસલક્ષી કાર્યોની છણાવટ કરી, દેશની પ્રગતિ અને વીસ વર્ષના કાર્યસૂચિમાં રાષ્ટ્રને પ્રાથમિકતા આપનાર વડાપ્રધાનશ્રી મોદીજીની કાર્યશૈલી વિશે વાત કરતા રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણના 20 વર્ષોમાં મોદીજીના નેતૃત્વમાં સામાન્ય જનતાના વિશ્વાસ વિશે ચર્ચા કરી હતી.

કોવિડ મહામારી દરમિયાન મેડિસીન, મહિલાઓનો વિકાસ, સફળ કોવિડ રસીકરણ જેવા વિવિધ ક્ષેત્રોમાં મોદીજીના સર્વગ્રાહી અભિગમની તથા સિદ્ધિઓની ચર્ચા કરી. "Modi@20 Dream Meet Dellvery" પુસ્તકમાં વડાપ્રધાનની કાર્યસિદ્ધિ વિશે અભિપ્રાય આપનાર તમામ વિદ્વાનોના સંદર્ભોનો હવાલો આપીને રજૂ થયેલા વક્તવ્યની અસરકારકતાથી શ્રોતાઓ પ્રભાવિત થયા. સમગ્ર રાજ્યમાં પથરાયેલા અભ્યાસકેન્દ્રોના સંચાલકો તથા વિશાળ વિદ્યાર્થી સમુદાયે વક્તવ્યનો લાભ લીધો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નિગમ પંડ્યાએ તથા આભારદર્શન કા. કુલસચિવશ્રી ડૉ. ભાવિનભાઈ ત્રિવેદીએ કર્યા બાદ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

ડૉ. ભાવિન ત્રિવેદી

કા. કુલસચિવ